# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

**ટેન્ડર નંબર – ૧૫ / ભોજન / ૨૦૧૭**

**ટેન્ડરનું નામ : ચા – નાસ્તો - ભોજનના ભાવ પુરા પાડવાનું ટેન્ડર**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કચેરી માટે સને ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ ના વર્ષ માટે ફક્ત ગાંધીનગર / અમદાવાદ શહેરી વિસ્તાર સ્થિત કેટરર્સ / એજન્સીઓ પાસેથી ચા – નાસ્તો - ભોજન પુરૂ પાડવા માટે સીલબંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે.

**ટેન્ડર વેલ્યુ રૂ. ૪લાખ** **ટેન્ડર ફી રૂ.૧૫૦૦/-** **EMD રૂ.૧૨,000/-**

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર બોર્ડની વેબસાઇટ www.gseb.org ઉપરથી ઓનલાઇન ડાઉનલોડ કરવાની તારીખ / સમય | તા.૪/૭/૨૦૧૭ થી તા.૨૪/૭/૨૦૧૭ સુધી સમય ૧૬.00 કલાક સુધી |
| ૨ | ફીઝીકલ ટેન્ડર રજુ કરવાની છેલ્લી તારીખ / સમય | તા.૨૫/૭/૨૦૧૭ સમય ૧૬.00 કલાક |
| 3 | ટેન્ડર ખોલવાની તારીખ / સમય | તા.૨૬/૭/૨૦૧૭ સમય ૧૩.00 કલાક |

❖ **<u>ચા – નાસ્તો - ભોજન પુરા પાડવાના ટેન્ડરની શરતો</u>** :

1. ટેન્ડર ભરનાર કેટરર્સ / કોન્ટ્રાક્ટરએ ટેન્ડરની તમામ શરતો કાળજીપૂર્વક વાંચી-સમજીને ટેક્નિકલ બીડમાં જરૂરી વિગતો તથા નિયત કરેલ કોમર્શીયલ બીડમાં ઓફર કરેલ ભાવો ભરવાના રહેશે તથા ટેન્ડરની શરતો મુજબ માંગવામાં આવેલ તમામ ડોક્યુમેન્ટસ ટેક્નીકલ બીડ સાથે રજુ કરવાના રહેશે.
2. ચા – નાસ્તો - ભોજન પુરૂ પાડવાની કામગીરી માટેના ટેન્ડરની ટેન્ડર ફી રૂ.૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પૂરા/-) તથા બાનાની રકમ (EMD) રૂ.૧૨,000/- (અંકે રૂપિયા બાર હજાર પૂરા/-) નો 'સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર'ના નામના રાષ્ટ્રીયકૃત અથવા રાજ્ય સરકારએ અધિકૃત કરેલ ખાનગી, સિડ્યુલ કે સહકારી બેન્કનો ગાંધીનગર ખાતે ચૂકવવાપાત્ર બે અલગ - અલગ ડિમાન્ડ ડ્રાફ્ટ કઢાવી ટેકનિકલ બીડમાં આ અંગેની જરૂરી વિગતો ભરીને રજુ કરવાની રહેશે.

3. ટેક્નિકલ બીડમાં કેટરર્સ/ કોન્ટ્રાક્ટરએ ભરેલ માહિતીના પુરાવારૂપે ટેન્ડરની શરતો મુજબના માંગવામાં આવેલ તમામ જરૂરી દસ્તાવેજો / પ્રમાણપત્રોની સર્ટીફાઇડ નકલો એક કવરમાં ટેન્ડર ફી, બાનાની રકમ (EMD) ટેક્નીકલ બીડ સાથે કાગળો ફીઝીકલી રજુ કરવાની વિગતો, Annexure – A, Annexure – B અને Annexure – C મુકી કવર ઉપર ટેક્નીકલ બીડનું કવર એમ લખવાનું રહેશે તથા બીજા કવરમાં કોમર્શીયલ બીડ (ભાવપત્રક) મુકી એક મોટા કવરમાં મુકી કવર ઉપર ચા – નાસ્તો - ભોજન પુરૂ પાડવા અંગેનું ટેન્ડર લખીને બીડર/કોન્ટ્રાક્ટરના સહી સિક્કા સાથેના સીલબંધ કવરમાં

તા.૨૫/૭/૨૦૧૭ના રોજ ૧૬.૦૦કલાક સુધી બોર્ડની સ્ટોર શાખામાં રૂબરૂ / RPAD થી પહોંચતા કરવાના રહેશે તથા કેટરર્સ/ કોન્ટ્રાક્ટરે તેની પહોંચ મેળવી લેવાની રહેશે.

4. નિયત કરેલ સમય મર્યાદામાં મળેલ ટેન્ડરો તા.૨૬/૭/૨૦૧૭ને ૧૩.૦૦કલાકે હાજર રહેલા ટેન્ડરરો અગર તેમના અધિકૃત પ્રતિનિધિઓની હાજરીમાં ખોલવામાં આવશે. રસ ધરાવતાં ટેન્ડરરો અગર તેમના અધિકૃત પ્રતિનિધિ તે સમયે હાજર રહી શકશે. જો કોઇપણ ટેન્ડરર અગર તેમના અધિકૃત પ્રતિનિધિ હાજર રહેશે નહી તો બોર્ડના અધિકૃત અધિકારીશ્રી તે અંગે રોજકામમાં યોગ્ય નોંધ લઇ તેમના ટેન્ડરો ખોલશે અને ભાવોની નોંધ લેશે જે ટેન્ડરરોને બંધનકર્તા રહેશે. આ બાબતે પાછળથી રજુઆતો ધ્યાને લેવામાં આવશે નહી.
5. ટેન્ડર ભરનાર બીડરે પોતાના ઓફર કરેલ દરો / ભાવો નિયત કોમર્શીયલ બીડ પ્રાઇસ બીડનાં પત્રકમાં જ ભરવાના રહેશે. બીડરે ઓફર કરેલ દરો/ભાવોમાં તમામ પ્રકારના વેરાઓ પેકિંગ, ટ્રાન્સપોર્ટેશન ખર્ચ તથા કચેરી સંકુલમાં પહોંચાડવાના ચાર્જ વિગેરેના સમાવેશ સાથેના દરે / ભાવો ભરવાના રહેશે.
6. ટેન્ડરની શરતો મુજબ આધાર-પુરાવારૂપે બીડેલ જરૂરી ડોક્યુમેન્ટસનો સમાવેશ કરવાનો રહેશે. તેમજ દરેક પાના ઉપર સહી સિક્કા બીનચૂક કરવાના રહેશે.
7. નિયત કરેલ ટેન્ડર ફી તથા બાનાની રકમ (EMD) વિનાનું ટેન્ડર આપોઆપ રદ થશે. ટેક્નીકલ બીડમાં સફળ થનાર કેટરર્સ / કોન્ટ્રાક્ટરનું કોમર્શીયલ બીડ (ભાવપત્રક) (Price Bid) ખોલવામાં આવશે.
8. કોઈપણ ટેન્ડરનો સ્વીકાર કે અસ્વીકાર કરવો કે અંશતઃ સ્વીકારવું તે બાબતનો સંપૂર્ણ અબાધિત અધિકાર બોર્ડના અધ્યક્ષશ્રીનો રહેશે. સૌથી નીચું ભાવપત્રક અગર ગમે તે ભાવપત્રક/ટેન્ડર સ્વીકારવા બોર્ડ બંધાયેલું નથી. કોઈપણ કારણ આપ્યા વગર એક કે બધા જ ભાવપત્રકો/ટેન્ડર અસ્વીકાર કરવાનો તેમજ ભાવપત્રક અંશતઃ સ્વીકારવાનો તથા ટેન્ડરની આઈટમોની કામગીરી એક કરતાં વધુ કેટરર્સ/કોન્ટ્રાક્ટરને વહેંચણી કરવાનો અબાધિત અધિકાર બોર્ડના અધ્યક્ષશ્રીનો રહેશે. મુદત પછી મળેલા, છેકછાક થયેલ, અધૂરી વિગત / ડોક્યુમેન્ટવાળા તેમજ શરતી ભાવપત્રક/ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. અને આવા ટેન્ડર આપોઆપ રદ થવાને પાત્ર ગણાશે. ટેન્ડર તથા તેની સાથે સામેલ તમામ પાનાને સીરીયલ નંબર આપવાના રહેશે.
9. કેટરર્સ/ કોન્ટ્રાક્ટરનું ટેન્ડર/ભાવપત્રક મંજૂર થશે તેવા કેટરર્સએ દિન-૧૦માં જરૂરી સિક્યુરીટી ડીપોઝીટ તરીકે રૂપિયા રૂ.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા/-) ની રાષ્ટ્રીયકૃત અથવા રાજ્ય સરકારએ અધિકૃત કરેલ ખાનગી, સિડ્યુલ કે સહકારી બેંકની બેંક ગેરંટી બોર્ડની તરફેણમાં કરી આપવાની રહેશે. આવી બેંક ગેરંટીની મુદત ટેન્ડર મંજૂરીની તારીખથી ૩૦ (ત્રીસ) માસની રહેશે.

10. કેટરર્સ/ કોન્ટ્રાક્ટરએ પોતાની પેઢી / એજન્સીના નામે રૂ.૧૦૦/- (અંકે રૂપિયા એકસો પૂરા) ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર (Annexure–B) સરકારી કે અર્ધસરકારી / બોર્ડ / કોર્પોરેશન દ્વારા આ ટેન્ડરની કામગીરી સંબંધે ડિફોલ્ટ / ગેરલાયક / અમાન્ય / બ્લેક લીસ્ટ થયેલ નથી. તેવું નિયત નમૂના મુજબનું બાંહેધરી પત્રક અવશ્ય રજૂ કરવાનું રહેશે અને કેટરર્સજો ગેરલાયક ઠરેલ હશે તો તેનું ટેન્ડર અમાન્ય / રદબાતલ કરવામાં આવશે.

11. જો કામગીરી સંતોષકારક અને ગુણવત્તાયુક્ત હશે તો પરસ્પર સમજૂતિથી યોગ્ય સમયે અન્યોન્ય સમજુતિથી ટેન્ડરની સમયમર્યાદા પુરી થયેથી વધુમાં વધુ છ માસના સમયગાળા માટે લંબાવવા બોર્ડ દ્વારા વિચારણા કરી શકાશે.

12. બોર્ડના સક્ષમ અધિકારીની સુચનાઓ જે મૌખિક અગર લેખિત હોય તે તમામ આખરી ગણાશે. ઉપરોક્ત શરતો ઉપરાંત બોર્ડ તરફથી વખતો-વખત આપવામાં આવનાર સુચનાઓનું પણ કેટરર્સ / કોન્ટ્રાક્ટરે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

13. સિક્યુરીટી ડીપોઝિટ પર વ્યાજ મળવા પાત્ર રહેશે નહી. આ રકમ કરારની મુદત પૂર્ણ થયા બાદ કામગીરી સંતોષકારક જણાયેથી પરત ચુકવવામાં આવશે.

14. ટેન્ડર મંજુર થયેથી ઇજારદારને કચેરીની જરૂરીયાત મુજબ કાર્યક્રમ / મીટીંગના ઓછામાં ઓછા એક દિવસ અગાઉ ઇ-મેઇલ / ફેક્સ / લેખિતથી જાણ કરવામાં આવશે. જે મુજબ ચા – નાસ્તા - ભોજનની વ્યવસ્થા કરવાની રહેશે.

15. ટેન્ડરનું કોમર્શીયલ બીડ ખોલ્યા બાદ કોઇપણ પાર્ટી તેઓનું ટેન્ડર પરત ખેંચી શકશે નહી અને જો આવું બનશે તો ટેન્ડર ડીપોઝિટની રકમ જપ્ત કરવામાં આવશે.

16. ઇજારદાર કેટરીંગ / રેસ્ટોરન્ટનો ધંધો કરતા હોવા જોઇએ અને એ ધંધામાં વર્ષ – ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ માંથી કોઇપણ એક વર્ષમાં ઓછામાં ઓછું રૂપિયા ૨ લાખનું ટર્નઓવર હોવું જોઇએ.

17. ઇજારદારની ઓફીસ / રેસ્ટોરન્ટની જગ્યા ગાંધીનગર / અમદાવાદ શહેરી વિસ્તારમાં હોવી જરૂરી છે.

18. ટેન્ડર ખોલ્યા બાદ કચેરી દ્વારા જરૂર જણાયે L-1 આવેલ ભાવના ઇજારદાર સાથે ભાવ સંબંધી વાટાઘાટો કરવાની સત્તા ટેન્ડર ઓપનીંગ કમ ઇવેલ્યુશન કમિટિની રહેશે.

19. જમવાની ક્વૉલીટી અને સ્વચ્છતા માટે ઇજારદારના રસોડાનું તથા ચા-નાસ્તા - ભોજનનું ઇન્સપેક્શન કરવામાં આવશે.

20. ચા-નાસ્તા-ભોજન સ્વાદિષ્ટ નહીં હોય કે ગુણવત્તા બરાબર નહીં હોય અથવા સમયસર ભોજન મળેલ નહીં હોય અથવા ભોજન પુરી માત્રામાં પુરૂ પાડેલ ન હોય ત્યારે ઇજારદારના પેમેન્ટમાંથી ૧૦% સુધીની મર્યાદામાં પેનલ્ટી વસુલ કરવામાં આવશે. જેના માટે ઇજારદારને વધુમાં વધુ ૨ (બે)

વખત તક આપવામાં આવશે ત્યારબાદ ઇજારદારનો કોન્ટ્રાક્ટ બોર્ડ દ્વારા રદ્દ કરવામાં આવશે. ડીપોઝિટ રકમ જપ્ત કરવામાં આવશે.

21. ચા- નાસ્તો અને ભોજન પુરૂ પાડયાનું બીલ કાર્યક્રમ/મીટીંગ પુરા થયેથી ૨ (બે) નકલમાં રજુ કરવાનું રહેશે. બીલ ટેન્ડર મંજુર થયેલ પાર્ટીના નામનું જ આપવાનું રહેશે.

22. કેટરર્સે રસોઇ બનાવવા ઉત્તમ ગુણવત્તાવાળુ અનાજ, કરીયાણું, મરી-મસાલા, કઠોળ અન્ય વસ્તુ વાપરવાનું રહેશે.

23. રીફાઇન્ડ સીંગતેલ / કપાસીયા તેલ વાપરવું રોટલી / ભાખરી ઉપર માન્ય સહકારી ડેરીનું શુધ્ધ ઘી લગાવવાનું રહેશે.

24. શાકભાજીમાં યોગ્ય માત્રામાં તેલનો વઘાર આપવો તેમજ મરી, મસાલા, કોથમીર અને ટામેટાંનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવાનો રહેશે.

25. કોઇપણ કોન્ટ્રાક્ટર / વ્યક્તિ / સંસ્થા / કેટરર્સ કે વેપારી પેટા કોન્ટ્રાક્ટ આપી શકશે નહી. અધવચ્ચેથી ભોજન પુરૂ પાડવાનું બંધ કરશે તો ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. બોર્ડને થયેલ નુકશાન અંગે કાર્યવાહી કરવામાં આવશે.

26. ભોજન બાબતે આરોગ્યને લગતાં પ્રશ્નો ઊભા થશે તો કેટરર્સની અંગત જવાબદારી રહેશે.

27. ટેન્ડર મંજુર / નામંજુર તથા અન્ય કારણસર કોન્ટ્રક્ટ અધવચ્ચેથી રદ્દ કરવાની સત્તા માન.અધ્યક્ષશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની રહેશે.

28. ટેન્ડર/કરાર સંબંધિત કોઈપણ વિવાદ કે મતભેદ ઉભા થાય તો આ અંગે ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે.

29. ભોજન કે રસોઇ બનાવતી વખતે અકસ્માત કે જાનહાનિ, ઇજા વગેરે માટે બોર્ડ બંધનકર્તા રહેશે નહી.

**સચિવ**
**ગુજરાત માધ્યમિક અને**
**ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**ગાંધીનગર**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

**ટેન્ડર નંબર – ૧૫ / ભોજન / ૨૦૧૭**

**કેટરીંગના કોન્ટ્રાક્ટની કામગીરીનો વ્યાપ (Scope of Work):**

1. ઇજારદારે નીચે મુજબની તમામ ચીજ-વસ્તુઓ સ્વચ્છ, મજબૂત અને સારી હાલતમાં પુરી પાડવાની રહેશે.

   - ભોજન માટેના સાધન
   - થાળી, વાટકી, ચમચી, પેપર નેપ્કીન વગેરે
   - સર્વિસ માટે જરૂરી સાધન
   - ખુરશી, ટેબલ, સર્વિંગ બાઉલ વગેરે
   - ચા-કોફી માટે પેપર કપ
   - ભોજન ગરમ રાખવાના સાધનો
   - કેટરર્સએ ભોજન માટે સંખ્યાને અનુરૂપ જરૂરી કાઉન્ટરો ગોઠવવાના રહેશે.

2. કેટરર્સે વર્ષ દરમ્યાન ચા – નાસ્તો - ભોજન પુરૂ પાડવા માટેના ટેબલ, ખુરશી, ટેબલ ક્લોથ, પીવા માટે મીનરલ બોટલ વગેરે પુરૂ પાડવાનું રહેશે.
3. ભોજન અત્રેની કચેરી ખાતે સામેલ એનેક્ષર – ૧ પ્રમાણે અથવા કચેરીની સુચના મુજબ પુરૂ પાડવાનુ રહેશે.
4. ચા-નાસ્તો સવારે ૯ થી ૧૦ કલાક દરમ્યાન, બપોરના ભોજનનો સમય બપોરે ૧૧ થી ૧૪ કલાકે તથા સાંજના ભોજનનો સમય સાંજે ૧૯.00 થી ૨૦.00 રહેશે. સંજોગોવસાત સમયમાં ફેરફાર થશે તે જાણ કરવામાં આવશે.
5. આરોગ્યપ્રદ, તાજું, ગરમ, પૌષ્ટિક અને ગુણવત્તાયુક્ત ભોજન પીરસવાનું રહેશે. ભોજન સ્વીટ સાથે હોય ત્યારે ડેરીનું શુધ્ધ ઘી વાપરવાનું રહેશે. ગુણવત્તાયુક્ત ભોજન નહી હોય તો પેમેન્ટ કરવામાં આવશે નહી.. સંજોગોવસાત જણાવેલ સંખ્યા કરતાં ભોજન દરમ્યાન માણસો વધે તો તેમના ભોજનની વ્યવસ્થા કરવાની રહેશે.
6. સંજોગોવસાત કેટરર્સ આ સેવા પુરી પાડી શકે તેમ ન હોય ત્યારે અત્રેની કચેરી દ્વારા તેની વ્યવસ્થા કરવામાં આવશે અને તેનો થયેલ સંપૂર્ણ ખર્ચ ઇજારદારે ભોગવવાનો રહેશે.
7. ભોજન સ્વીટ સાથે કે સ્વીટ વગર આપવું તે અત્રેથી નક્કી કરી જણાવવામાં આવશે અને તે મુજબ વ્યવસ્થા કરવાની રહેશે

સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## ટેન્ડર નંબર – ૧૫/ભોજન/૨૦૧૭

## પરિશિષ્ટ – ૧

## વર્ષ – ૨૦૧૭-૧૮ દરમ્યાન ચા – નાસ્તા - ભોજનની જરૂરીયાત અંગેનો અંદાજ

| ક્રમ | વિગત | વર્ષ દરમ્યાન સંખ્યાનો અંદાજ |
|---|---|---|
| ૧ | સવારની ચા / કોફી તથા નાસ્તો<br>(બટાટા પૌંઆ / ગોટા / સેવ ખમણી / ખમણ / ઢોકળા / સમોસા / કચોરી / સેવ-ઉસળ વગેરે પૈકી એક) | ૪૫૦૦ |
| ૨ | સાદુ ભોજન<br>(પુરી / રોટલી, કઠોળ અને લીલુ શાક, દાળ-ભાત, છાશ, પાપડ, સલાડ વગેરે) | ૪૫૦૦ |
| ૩ | સ્વીટ ફરસાણ સાથેનું ભોજન<br>૧. (પુરી / રોટલી, કઠોળ અને લીલુ શાક, દાળ-ભાત, છાશ, પાપડ, સલાડ વગેરે)<br>૨. (ગુલાબજાંબુ/કાલાજામ/શીખંડ-મઠો/બરફી/કોપરાપાક/કેરીનો રસ/બાસુંદી/ ગાજરનો હલવો/દૂધીનો હલવો/અંજીર વેઢવી વગેરે પૈકી એક)<br>૩. (બટાટાવડા/પાતરા/કટલેસ/સેવરોલ/મીક્ષ ભજીયા વગેરે પૈકી એક) | ૧૦૦૦ |
| ૪ | બપોરની ચા / કોફી | ૪૫૦૦ |
| ૫ | સાંજનું ભોજન<br>(પુરી / રોટલી, કઠોળ અને લીલુ શાક, કઢી-ખીચડી, છાશ, પાપડ, સલાડ વગેરે) | ૭૫૦ |
| ૬ | પંજાબી ભોજન<br>(પનીર શાક, બટર રોટી / પ્લેન રોટી, દાલ-ફ્રાય, જીરા રાઇસ, પંજાબી મીક્ષ શાક છાશ, પાપડ, સલાડ) | ૧૦૦૦ |
| ૭ | કુડ પેકેટ કોરો નાસ્તો (મીક્ષ ચવાણું/દાળ-મુઠ/પૌંવા-મમરા/બટાટા વેફર/કેળા વેફર) (૨૦૦ ગ્રામ પ્રતિ પેકેટ તળ્યા પછીનું વજન) કોરા નાસ્તાની આઇટમ તળવી જરૂરી છે. | ૫૦૦ |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

**ટેન્ડર નંબર – ૧૫/ભોજન/૨૦૧૭**

**કોમર્શીયલ બીડ (ભાવપત્રક)**

| ક્રમ | વિગત | ભાવ રૂ. પ્રતિ ડીશ / નંગ |
|---|---|---|
| ૧ | સવારની ચા / કોફી તથા નાસ્તો<br>(બટાટા પૌંઆ / ગોટા / સેવ ખમણી / ખમણ / ઢોકળા / સમોસા / કચોરી / સેવ- ઉસળ વગેરે પૈકી એક) | |
| ૨ | સાદુ ભોજન<br>(પુરી / રોટલી, કઠોળ અને લીલુ શાક, દાળ-ભાત, છાશ, પાપડ, સલાડ વગેરે) | |
| ૩ | સ્વીટ ફરસાણ સાથેનું ભોજન<br>૧. (પુરી / રોટલી, કઠોળ અને લીલુ શાક, દાળ-ભાત, છાશ, પાપડ, સલાડ વગેરે) ૨. (ગુલાબજાંબુ/કાલાજામ/શીખંડ-મઠો/બરફી/કોપરાપાક/કેરીનો રસ/બાસુંદી/<br>ગાજરનો હલવો/દૂધીનો હલવો/અંજીર વેઢવી વગેરે પૈકી એક)<br>૩. (બટાટાવડા/પાતરા/કટલેસ/સેવરોલ/મીક્ષ ભજીયા વગેરે પૈકી એક) | |
| ૪ | બપોરની ચા<br>બપોરની કોફી | |
| ૫ | સાંજનું ભોજન<br>(પુરી / રોટલી, ભાખરી, કઠોળ અને લીલુ શાક, કઢી-ખીચડી, છાશ, પાપડ, સલાડ વગેરે) | |
| ૬ | પંજાબી ભોજન<br>(પનીર શાક, બટર રોટી / પ્લેન રોટી, દાલ-ફ્રાય, જીરા રાઇસ, પંજાબી મીક્ષ શાક છાશ, પાપડ, સલાડ) | |
| ૭ | ફુડ પેકેટ કોરો નાસ્તો (મીક્ષ ચવાણું/દાળમુઠ/પૌંવામમરા/બટાટા વેફર/કેળા વેફર) (૨૦૦ ગ્રામ પ્રતિ પેકેટ તળ્યા પછીનું વજન) કોરા નાસ્તાની આઇટમ તળવી જરૂરી છે. | |

તૈયાર ભોજનના ટેન્ડરની શરતો ૧ થી ૨૯ અમોએ વાંચી છે. જે અમોને કબુલ મંજુર છે અને ત્યારબાદ અમોએ ભાવ ભરેલ છે.

પાર્ટીનું નામ અને સહી :

નામ અને સરનામા સાથેનો સિક્કો :

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

**ટેન્ડર નંબર – ૧૫/ભોજન/૨૦૧૭**

**ટેકનિકલ બીડ સાથે કાગળો ફીઝીકલી રજૂ કરવાની વિગતો**

1. ટેન્ડર ફી તરીકે રૂ.૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પૂરા/-) તથા બાનાની રકમ (EMD) તરીકે રૂ.૧૨,૦૦૦/- (અંકે રૂપિયા બાર હજાર પૂરા/-) નો ડિમાન્ડ ડ્રાફટ
2. કેટરર્સ/ ઠેકેદાર પોતાની પેઢીની વિગતો દર્શાવતું પત્રક (As per Annexure-A)
3. કેટરર્સ/ ઠેકેદાર પેઢીના નામે રૂ.૧૦૦/-ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર ("Non bond, black listed or disqualified declaration") (As per Annexure-B) નું પ્રમાણપત્ર
4. કેટરીંગના બીઝનેશનુ છેલ્લા બે વર્ષના નાણાંકીય ટર્નઓવરની વિગતો દર્શાવતું ચાર્ટડ એકાઉન્ટન્ટનું સર્ટીફીકેટ જેમાં છેલ્લાં બે વર્ષ પૈકી કોઇ એક વર્ષનું ટર્નઓવર ટેન્ડરની અંદાજીત કુલ રકમના ઓછામાં ઓછું ૫૦ ટકા જેટલી રકમનું થયેલુ હોવું જોઇએ. (As per Annexure-C) (વર્ષ–૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬)
5. આવકવેરા ખાતાના PAN Card ની નકલ
6. છેલ્લા બે વર્ષના આવકવેરાના રિટર્નની નકલો. (વર્ષ – ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬)
7. ટેન્ડરમાં દર્શાવેલ કામગીરીના અનુભવના પ્રમાણપત્ર / વર્કઓર્ડરની પ્રમાણિત નકલો.
8. પાર્ટીનું નામ અને સરનામુ, સંપર્ક નંબર, મોબાઇલ નંબર ઇ–મેઇલ એડ્રેસ
9. ફુડ લાયસન્સ તથા અન્ય જરૂરી લાયસન્સ મેળવવાની બાંહેધરી

**પાર્ટીનું નામ અને સહી :**

**નામ અને સરનામા સાથેનો સિક્કો :**

**GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD SECTOR 10/B, GANDHINAGAR**

**TENDER NO.15 / Lunch / 2017**

**DETAILS OF TENDERER / BIDDER**

**ANNEXURE – A**

| | | |
|---|---|---|
| 1 | Name of the Bidder | |
| 2 | Address of Registered Office | |
| 3 | Address of Working Place of the Office | |
| 4 | Year of Establishment | |
| 5 | Type of Firm (Ownership, Partnership, Pvt. & Ltd. Co.,) | |
| 6 | Name, Address and Telephone No. of Board of Directors of the Company / Pvt., Ltd., and Ltd., Co.,/ Partnership / Ownership. | |
| | Phone No. with STD Code of Office and Residence including Fax No. | |
| | Office / Regd. Office Address | |
| | Residence Address | |
| | Mobile No. | |
| | E-mail Address and or Website Address | |
| 7 | Details of Tender Fee / Bid Processing Fees & EMD | |
| | **Tender Fees** | |
| | (A) Amount in Rs. | |
| | (B) Demand Draft No. and Date | |
| | © Name of Bank and Branch | |
| | **Earnest Money Deposit (EMD)** | |

| | | |
|---|---|---|
| | (A) Amount in Rs. | |
| | (B) Demand Draft No. & Date | |
| | © Name of Bank and Branch | |
| 8 | Whether the bidder has been Black Listed by any Govt., or Semi Govt., organization or any Educational Organization? (Yes or No) | |
| | If No submit the Self Declaration in given format (Annexure – B) | |
| 9 | Total Annual Turnover for the Last Two Years (Enclose C.A. Certificate copies) (As per Annexure – C) | |
| | 2014 – 2015 | |
| | 2015 – 2016 | |
| 10 | Permanent Account No.(Income Tax)<br>(Enclose certified PAN Card) | |
| 11 | Food and drug License No.<br>[Enclose Copy] | |

Note : For above details, attach separate sheet if required.

**Seal and Signature of Authorized Person**

**Place:**

**Date :**

**GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD SECTOR 10/B, GANDHINAGAR**

**TENDER NO.15 / Lunch / 2017**

**On Rs.100/- Stamp Paper**

**ANNEXURE – B**

## DECLARATION

I _______________ do hereby declare that our firm is not debarred or disqualified or Black Listed by any Government of any State Board or such Organization, GS&HSEB is entitled to forfeit our Security Deposit in case of any such information coming to the notice of the GS&HSEB Board.

I further undertake that if above declaration proves to be wrong / incorrect or misleading our tender / Contract stands to be cancelled / terminated.

**Seal and Signature of Authorized Person**

**Place:**

**Date :**

**GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD SECTOR 10/B, GANDHINAGAR**

**TENDER NO.15 / Lunch / 2017**

**PARTICULARS OF TURNOVER**

**ANNEXURE – C**

**Name of the Bidder :**

**Particulars of Turnover in Catering Business at the following Year as per audited accounts:**

| Financial Year | Total Turnover ( in Rs.) |
|---|---|
| 2014 – 2015 | |
| 2015 – 2016 | |

It is certified that above details are correct / fair and audited by the Chartered Accountant and submit with the signed of C.A. with Seal and Stamp.

**Signature of Chartered Accountant With Stamp**

**Seal & Signature of Authorized Person**

**Place :**

**Date :**

**GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD SECTOR 10/B, GANDHINAGAR**

**Details Notice Inviting Tender For Providing Tea-Coffee, Break Fast, Lunch - Dinner**

**TENDER NO.15 / Lunch / 2017**

| | |
|---|---|
| Department Name | Education Department |
| Office | Gujarat Secondary and Higher Secondary Education Board, Sector – 10 - B, Gandhinagar |
| Name of Work | Tender For Providing Tea-Coffee, Break Fast, Lunch - Dinner |
| Estimated Contract Value (INR) for two years | Rs.4 Lacs |
| Contract Validity of Tender (In Months) | 30 Months |
| Bidding Type | Simple Tendering |
| Bid Call (Nos.) | 1 |
| Tender Currency Settings | Indian Rupees (INR) |
| Amount Details | |
| Bid Document Fees | Rs.1500/- (Rs. One thousand five hundred Only) |
| Bid Document Fee Payable to | Secretary,<br>Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar |
| Bid Security - EMD | Rs.12,000/- (Rs Twelve Thousand Only) |
| Bid Security / EMD in favour of | Secretary,<br>Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar |
| Bid Document Downloading Start Date | 4 / 7 / 2017 |
| Bid Document Downloading End Date & Time | 24 / 7 / 2017 16.00 Hrs |
| Last Date & Time for Receipt (Submission) of Technical Bids | 25 / 7 / 2017 16.00 Hrs. |
| Bid Validity Period | 120 Days |
| Remarks | Tender Documents for Downloading / Uploading will be available as under on our Website up to date. 4/ 7 / 2017 Demand Draft for Tender Fee and EMD and all Documents fulfilling the prequalification criteria shall be submitted in physically. The documents regarding pre-qualifying criteria shall be opened first, submission of original Tender Fee, EMD, required documents in Stores Branch of above mention office address and taking Receipt. Technical Bid will be opened those who |

| | |
|---|---|
| | has submit original Tender Fee, EMD, required document, Notarized as per said tender conditions. The Price Bid of the Agencies fulfilling the pre-qualifying criteria / Technical Bid criteria as per said tender condition shall be opened. The submission shall mean that EMD and Tender Fee are received for purpose of opening of Bid. Accordingly offer of those shall be opened whose EMD and Tender Fee along with required satisfactory notarized documents is received. However, for the purpose of realization of DD Bidder shall send the DD / Pay Order of Tender Fee and EMD in original and Notarized attested copies of experience certificate and other documents with signature and stamp shall be submitted to Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No. 10/B, Gandhinagar on 25/ 7/ 2017 up to 16.00 Hours in Stores Branch of Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No. 10/B, Gandhinagar. Penetrative action will be take for not submitting the said documents. For further details and only submission of Tender. Please visit our Website mentioned above. If possible the tender will be opened online on 26 / 7 / 2017 at 13.00 Noon in the Office of the Secretary, Committee Room of Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10/B, Gandhinagar. |
| Other Details | |
| Technical Bid Opening Date | 26 / 7 / 2017 at 13.00 Noon |
| Office Inviting Bids | The Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No.10/B, Gandhinagar |
| Bid Opening Authority | The Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No.10/B, Gandhinagar |
| Address | 1st Floor, Committee Room, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No.10/B, Gandhinagar |
| Contact No. | 079 – 23253830 |